"क्षीरवत् शुद्धप्रशासनं दूधसागरः"

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૧૨ । વર્ષ - ૪ । જુલાઈ - ૨૦૨૫ (સળંગ અંક : ૪૮) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## સમયાંતરે પરસેવાનું સાચું

# મૂલ્યાંકન



**દૂધના ખરીદ ભાવોની સ્થિરતા અકબંધ**

10₹ ના વધારા સાથે હવે પશુપાલકોને

**ચૂકવાશે પ્રતિકીલો ફેટ ₹830**

4 વર્ષમાં 14 મી વખત ભાવવધારો જાહેર કરાયો

**દૂધના ખરીદભાવમાં આ ચાર વર્ષ દરમ્યાન રૂપિયા ૧૮૦ નો વધારો થતાં, પશુપાલકોના આંગણે અંદાજે રૂા.૮૦૦ કરોડ વધારે પહોંચ્યા**

# દૂધસાગર ડેરીમાં દૂધના કિલો ફેટના ૧૦ રૂ.નો વધારો

# મહેસાણા સંઘ દ્વારા દૂધ ઉત્પાદકોને દૂધના ભાવમાં 1 કિલો ફેટે 820 થી વધીને 830 રૂપિયા ચૂકવાશે

**મહેસાણા, પાટણ, ગાંધીનગર જિલ્લાની આશરે 1200 થી વધુ દૂધ મંડળીઓના 5 લાખ દૂધ ઉત્પાદકોને વર્તમાન 10 રૂપિયાના ભાવ વધારાથી વાર્ષિક 48 કરોડ રૂપિયાનો ફાયદો થશે**

**વર્તમાન નિયામક મંડળના શાસન બાદ 650 થી શરૂ થયેલ દૂધના ખરીદભાવ વધારાની આ યાત્રા 830 સુધી પહોંચતા વિતેલા ચાર વર્ષ દરમ્યાન અંદાજે વાર્ષિક 800 કરોડ થી વધુ રૂપિયા પશુપાલકોને ત્યાં વધુ પહોંચવા પામ્યા છે**



મહેસાણા દૂધસાગર ડેરીના પાંચ લાખથી વધારે દૂધ ઉત્પાદકો માટે મે માસના અંતમાં આનંદના સમાચાર સામે આવ્યા છે. દૂધસાગર ડેરી દ્વારા દૂધ ઉત્પાદકોના હિતમાં નિર્ણય લેવામાં આવ્યો છે. વર્તમાન મોંઘવારીના આ યુગમાં પશુપાલકોનો આ વ્યવસાય પ્રત્યે ઉત્સાહ જળવાઈ રહે તેવા શુભ આશયથી મહેસાણા દૂધસાગર ડેરીએ દૂધ ઉત્પાદકોને દૂધના એક કિલો ફેટે રૂા.૧૦ નો ભાવ વધારો જાહેર કરી દૂધ ઉત્પાદકોને સંસ્થા તરફથી હૂંફ આપવાનો વિતેલા ૪ વર્ષમાં આ ૧૪ મો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

વર્તમાન ભાવ વધારાને લઈ ડેરીના દૂધ ઉત્પાદકોએ અશોકભાઈ ચૌધરી શાસિત દૂધસાગર ડેરીના હકારાત્મક વલણ અંગે તથા પશુપાલકો પ્રત્યે પહેલી નજર હોવાની વહિવટીય કુશળતા માટે સુરક્ષાની લાગણી જોવા મળી રહી છે. નવો ભાવ વધારો પહેલી જૂનથી અમલમાં આવી ગયો છે. ઉલ્લેખનીય છે કે ; દૂધસાગર ડેરીએ છેલ્લા ૪૮ મહિનામાં રૂ.૧૮૦ નો ભાવ વધારો આપી સંસ્થાની સહકારીતાને નવો આયામ આપ્યો છે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ - ૨૦૨૧ થી સત્તા પરિવર્તન બાદ પશુપાલકો પ્રત્યે સંવેદનશીલ હોવાના અનેક નિર્ણયોનું અમલીકરણ કરી રહ્યો છે. ભૂતકાળમાં દૂધસંઘ દ્વારા શિયાળામાં દૂધના ભાવો ઘટવાના નિર્ણયો લેવામાં આવતા હતા ત્યારે સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ અને નિયામક મંડળે પશુપાલકોને આ વ્યવસાયમાં નિર્ભયતા આપવાના અભય વચન સ્વરૂપે દૂધના ભાવ કદાપિ નહીં ઘટાડીએ તે પ્રકારનું વલણ આજ સુધી અકબંધ રાખવામાં આવ્યું છે. ૬૫૦ રૂપિયા પ્રતિકીલો ફેટે ખરીદભાવથી લઈ ઉત્તરો ઉત્તર આજે મહેસાણા દૂધસંઘ પોતાના પશુપાલકોને ૮૩૦ રૂપિયા લેખે દૂધ ખરીદી કરી પશુપાલનના વ્યવસાયને વધુમાં વધુ પ્રોત્સાહન મળે તે દિશામાં નક્કર કામ કરી રહ્યો છે.

દૂધના ખરીદભાવોને સ્થિર રાખી સમયાંતરે તેમાં વધારો કરતા રહેવાની કૂનેહ અને વાર્ષિક ભાવ વધારો પણ ઐતિહાસીક સપાટીએ લઈ જવાના વર્તમાન નિયામક મંડળના અભિગમને પશુપાલકો તરફથી મજબૂત પ્રેમ પ્રાપ્ત થઈ રહ્યો છે.

# આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ નિમિત્તે

# સાગરના આંગણે વર્ષાના વધામણાં

## મહેસાણા કાર્યક્ષેત્રમાં ૫૦૦૦ થી વધુ વૃક્ષોના વાવેતર થયા









મહેસાણા દૂધસાગર ડેરી પોતાના સ્થાપના દિનથી લઈને આજ સુધી પર્યાવરણ પ્રત્યેની પોતાની ફરજ બેખૂબીથી નિભાવી રહી છે. આ સંસ્થા પોતાના સ્વાદ અને સુગંધ ધરાવતા દૂધના ઉત્પાદનો થકી આખા વિશ્વમાં એક આગવી નામના ધરાવે છે તો, તેની સાથે સાથે મહેસાણા દૂધસાગર ડેરી અને તેના વિવિધ વિસ્તારોમાં આવેલા એકમો પોતાની લીલોતરીથી પણ સૌના મન મોહી લે છે !!

તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ નિમીત્તે પોતાની આ જવાબદારીને નિભાવતાં વર્ષાઋતુના આગમન પહેલાં જ તેના વધામણાં કરતાં વૃક્ષારોપણની ઉમદા પ્રવૃત્તિને સંસ્થા દ્વારા ન્યાય આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી,MD શ્રી. ધીરજકુમાર અને નિયામક મંડળના માર્ગદર્શન હેઠળ મહેસાણા સહિત વિહાર, કડી, પાટણ, હારીજ, ખેરાલુ, ઉબખલ, જગુદણ અને દિલ્હી ખાતે દૂધમાનસાગર અને દૂધ મોતીસાગર ડેરીના પ્રટાંગણોમાં ઉમદા વૃક્ષોનું વાવેતર કરી તેમને પરિપક્વ થાય ત્યાં સુધી વૃક્ષોનું જતન કરવાની જવાબદારી કર્મચારીઓએ સ્વૈચ્છિક રીતે સંભાળી લેવા વચનબધ્ધ થયા છે.

મોટાવૃક્ષોમાં લીમડો, જાંબુ, ચીકુ, પીપળો, આંબો, જામફળ, વાંસ સહિતના વૃક્ષોના તંદુરસ્ત છોડ લાવી દૂધસાગર ડેરી તથા તેના કાર્યક્ષેત્રની વસુંધરાને લીલીછમ કરવાના આ યજ્ઞમાં દૂધસાગર સાથે જોડાયેલા તમામ અધિકારીઓ, કર્મચારીઓએ પોતાની આહુતિ આપવાના મક્કમ નિર્ધાર સાથે પર્યાવરણ પ્રત્યેની પોતાની જવાબદારીને ઉપાડી લીધી છે.

આ સિવાય, દૂધસાગર ડેરીના તમામ બિલ્ડીંગો તરફ જતા રસ્તાઓ અને ઓફિસ સ્પેસની જગ્યાઓ આંખને ઠંડક આપે તથા સુગંધ અને સૌદર્યથી વાતાવરણ ખુશનુમા તથા પ્રકૃતિદત્ત બની રહે તે માટે વિવિધ ફુલો જેવા કે ગુલાબ, જાસુદ, કરેણ, રાતરાણી અને આ પ્રકારના કુંડામાં ઉગતા છોડનું પણ વાવેતર કરવામાં ઉદાર મનથી કામ ચાલી રહ્યું છે. ઉપરોક્ત વૃક્ષોની સંખ્યામાં આ નાના છોડવાને ગણતરીમાં લેવામાં આવ્યા નથી. વૃક્ષત્વથી મહેસાણા દૂધસંઘને સાચુ બુધત્વ પ્રાપ્ત થશે તેવો ચેરમેનશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

| દૂધસાગર કાર્યક્ષેત્ર | હાલના વૃક્ષો | ૨૦૨૫ નું લક્ષ |
|---|---|---|
| દૂધસાગર ડેરી - મહેસાણા | ૪૬૩૧ | ૨૫૦૦ |
| દૂધસાગર ડેરી - વિહાર | ૮૭૩ | ૫૦૦ |
| દૂધવિદ્યાસાગર ડેરી - કડી | ૨૮૧ | ૧૫૫ |
| દૂધસાગર ડેરી - પાટણ | ૮૩૨ | ૮૦ |
| MCC - હારીજ | ૯૦ | ૫૦ |
| MCC - ખેરાલુ | ૩૩૩ | ૫૭ |
| CFP - ઉબખલ | ૧૧૬૬ | ૩૮૫ |
| CFP જગુદણ | ૨૪૦ | ૨૦૦ |
| PSK - જગુદણ | ૧૨૬૫ | ૨૩૦ |
| સાગર સૈનિક સ્કૂલ - બોરીયાવી | ૩૦૦ | ૫૦૦ |

# ચોમાસા દરમ્યાન આપણા પશુઓને સાચવવા ખૂબ જરૂરી છે



## દૂધસાગરના ડૉક્ટરની ડાયરી

વરસાદની ઋતુમાં ગાય અને ભેંસને સાચવવા માટે ખાસ કાળજી લેવી જરૂરી છે. કારણ કે આ ઋતુમાં ભેજ, ઠંડક અને રોગોનું જોખમ વધી જાય છે. આ માટે સમયની જરૂરીયાત મુજબ દૂધસાગર ડેરી સાથે સંકળાયેલા પશુ પાલકોને વિસ્તૃત માર્ગદર્શન માટે આજે આપણે અહીં ચોમાસા દરમ્યાન રાખવી પડતી કાળજી અંગે વાત કરીશું.

**પશુઓના રહેઠાણની વ્યવસ્થા :**

ચોમાસા દરમ્યાન ગાય ભેંસની ગમાણ એવી જગ્યાએ હોવી જોઈએ જ્યાં પાણીનો આવરો ના હોય અને પાણી ભરાવાની ઓછામાં ઓછી શક્યતા હોય. ગમાણનું ભોંયતળીયું ઢોળાવવાળું હોવું જોઈએ જેથી પાણી ભરાવાની શક્યતા ઓછામાં ઓછી રહે. પશુપાલક પાસે જો વ્યવસ્થા હોય તો ચોમાસા દરમ્યાન પશુઓને કોઈ ઉંચાણવાળી જગ્યાએ રહેવાની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. આ સાથે, ગમાણની છત લીક પ્રૂફ હોવી જોઈએ. પતરાની છત હોય તો નિયમીત તપાસ કરી જરૂરી સમારકામ કરતા રહેવું જોઈએ. આ સાથે સાથે, ગમાણની જગ્યામાં હવાનું પરિભ્રમણ સારૂ હોવું જોઈએ. પરંતુ, ઠંડા પવનથી પશુઓને બચાવવા માટે દિવાલો અથવા પડદાનો ઉપયોગ કરવો જોઈએ. ચોમાસા દરમ્યાન ગાય અને ભેંસને સુકા ઘાસની પથારી આપવી જોઈએ. ભીનું ઘાસ અથવા ભીનું ભોંયતળીયું પશુઓના ખરજવા જેવા રોગોનું કારણ બની શકે છે.

**ખોરાકની વ્યવસ્થા :**

વરસાદની આ ઋતુ દરમ્યાન પશુપાલકોએ સુકા ઘાસના ખોરાક સચવાઈ રહે તે માટે અલાયદી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. ઘાસ ભીનું હોય તો તેને સુકવીને જ પશુઓને ખોરાક રૂપે આપવું જોઈએ. જેથી કરી ભેજની આ ઋતુમાં પશુને પાચન સમસ્યા ઉભી ના થાય. વળી, વરસાદની આ મોસમમાં પશુઓને મકાઈ અને ચણા જેવા ખનીજો અને વિટામીનયુક્ત ખોરાક પણ આપવા જોઈએ.

**પાણીની વ્યવસ્થા :**

ચોમાસાની ઋતુ દરમ્યાન પાણી તો ચારેકોર હોય છે. પરંતુ, તે જમીન ઉપર એકત્રિત થયેલ પાણીમાં અનેક રોગ પણ સમાયેલા હોવાથી આ ઋતુ દરમ્યાન પશુઓને સ્વચ્છ **અને તાજું પાણી મળે તેવો આગ્રહ રાખવો જોઈએ. ભીના વાતાવરણમાં** બેક્ટેરિયાનું જોખમ વધે છે. દૂધ આપતી ગાય અને ભેંસને આ સમય દરમ્યાન ૬૦ થી ૮૦ લિટરથી વધુ પાણીની જરૂરીયાત હોય છે.

**વધારાની કાળજી :**

ચોમાસા દરમ્યાન ગાય ભેંસના રહેઠાણની દૈનિક સફાઈ ખૂબ જરૂરી છે. ખાસ કરીને ભીના વાતાવરણ દરમ્યાન આ જગ્યા વધુમાં વધુ કોરી રહે તે પ્રમાણની વ્યવસ્થા કરવી જોઈએ. ચોમાસા દરમ્યાન વાતાવરણ ઉઘાડું થાય તે વખતે શુષ્ક હવામાં બહાર ફેરવવા લઈ જવા જોઈએ તથા ઠંડા વાતાવરણ દરમ્યાન પશુને રાહત મળે તે માટે ગરમ પાણી કે ગોળનો ઉપયોગ કરવો જોઈએ.

**આરોગ્ય અંગે કાળજી :**

ચોમાસાની ઋતુમાં ગાય અને ભેંસ જેવા પશુઓને ભેજ, ઠંડક અને બેક્ટેરિયલ / ફૂગના સંક્રમણને કારણે અનેક રોગો થવાનું જોખમ રહેતું હોય છે. અહીં આપણે ચોમાસા દરમ્યાન પશુઓને થતા મુખ્ય રોગો, તેના લક્ષણો અને ઘરગથ્થું ઉપાયોની માહિતી મેળવશું. પણ, નોંધનીય છે કે ; રોગની ગંભીરતા દરમ્યાન દૂધસાગર ડેરીના નિષ્ણાત પશુ ચિકિત્સકની સલાહ લેવી ખૂબ જરૂરી છે.

**૧. ખરજવું (Foot Rot) :**

પશુઓના ખૂર (પગના નીચેનો ભાગ) માં સોજો, લંગડાપણું આવે તેમાંથી ચીકણું પાણી વહેતું હોય અથવા દૂર્ગંધ આવતી હોય અને પશુ ચાલવામાં અસમર્થ બની જાય ત્યારે ખરજવું હોવાની સંભાવના પેદા થતી હોય છે. ભીની અને ગંદી જગ્યામાં બેક્ટેરિયા (Fusodacteriun necrophorum) દ્વારા તે ફેલાતો હોય છે.

આ રોગને દૂર કરવા ઘરગથ્થું ઉપચાર તરીકે સૌ પ્રથમ ખૂરને સ્વચ્છ પાણીથી ધોઈને સુકા કપડાથી સાફ કરી બે ચમચી ફટકડી અને એક લિટર પાણીનું દ્રાવણ બનાવી ખૂરને સાફ કરી તેમાં નાળિયેર તેલને હળદરના પાવડરમાં ભેળવી આ પ્રકારનો મલમ રોગ થવાની જગ્યાએ લગાવવો જોઈએ. આ સાથે આ રોગ દરમ્યાન પશુને સુકી જગ્યાએ રાખવું જોઈએ તથા ગમાણની જગ્યાએ સાફ સફાઈનું પૂરતું ધ્યાન આપવું જોઈએ. ગમાણમાં ભેજનું પ્રમાણ ન રહે અને ખરજવાની નિયમીત તપાસ તથા સફાઈ કરતાં રહેવું જોઈએ. તથા, રોગ ગંભીર બને તો તરતજ દૂધસાગર ડેરીના વેટરનરી વિભાગનો સંપર્ક કરવો જોઈએ.

**૨. ગળવું (Mastitis)**

આ રોગના પ્રથમ લક્ષણોમાં પશુને આંચળ ઉપર સોજો આવી જતો હોય છે. તેમજ, રોગના લક્ષણો ધરાવતી ગાય ભેંસના દૂધમાં ગાંઠો કે લોહી દેખાતું હોય છે. આ સમય દરમ્યાન પશુને તાવ આવે અને આંચળને પકડતાં તેને દુખાવો થાય તો એ ગળીયાના લક્ષણો છે. વરસાદના ભીના વાતાવરણાં બેક્ટેરિયાના કારણે આ રોગનું સંક્રમણ ખૂબ વધી જતું હોય છે.

આ રોગ ઉપર કાબૂ મેળવવા પ્રાથમિક તબક્કે ગરમ પાણીમાં રૂમાલ બોળી પશુને બાવલા ઉપર આંચળના ભાગે દિવસમાં બે-ત્રણ વખત સેક આપવો જોઈએ. આ સાથે એરંડીયાના તેલથી આંચળની હળવી માલિશ કરવી જોઈએ. હળદર અને લીમડાના પાનની પેસ્ટ બનાવી આંચળ ઉપર લગાવવાથી પણ આ રોગમાં પશુને રાહત મળે છે. આ રોગ થયો હોય તે પશુના દૂધને વેચાણ માટે ડેરીએ ના આપવું જોઈએ. રોગ નાબુદી પછી પણ આંચળને નિયમીત રીતે સ્વચ્છ પાણીથી ધોવા જોઈએ અને દૂધસાગરના ડૉક્ટર દ્વારા એન્ટિબાયોટિક ટેસ્ટ કરાવવો જોઈએ.

**૩. પાચન સંબંધી સમસ્યાઓ (Bioat/Tympany) :**

આ રોગના શરૂઆતના લક્ષણોમાં ગાય-ભેંસનો ખોરાક ઘટી જાય છે. પશુ બેચેન હોય એવા લક્ષણો દેખાય છે. પશુનું પેટ ફુલેલું જણાય છે. પશુને ગેસ થયો હોય તેવા લક્ષણો જણાય છે. અને, ઝાડા કાં તો, કબજીયાત થઈ જાય છે.

આ રોગ થવાના મુખ્ય કારણમાં, ભીનું હરિયાળું ઘાસ અને ફૂગ યુક્ત ખોરાક અને પાણીની અછત જવાબદાર છે.

ઘરગથ્થું ઉપાય તરીકે, ૫૦ ગ્રામ અજમો અને ૨૦ ગ્રામ સિંધવ મીઠું ગરમ પાણીમાં ભેળવી પશુને પીવડાવવું જોઈએ. ગેસના લક્ષણો વધારે હોય તો હિંગને ગરમ પાણીમાં ઓગાળી પશુને આપવી જોઈએ. લીમડાના પાનનો ૫૦ મીલી રસ આપવાથી પણ ગેસ ઓછો થાય છે. આ રોગ દરમ્યાન પશુને ધીમે ધીમે ચાલી શકે તેવા વાતાવરણનું સર્જન કરવું જોઈએ.

આ રોગના નિવારણ માટે પશુને ભીનું ઘાસ બિલકુલ ના આપવું જોઈએ. ઘાસને સુકવીને જ તેના ખોરાક તરીકે રાખવું જોઈએ. તથા સ્વચ્છ અને તાજું પાણી પીવડાવવાનો જ આગ્રહ રાખવો જોઈએ. જરૂર જણાય તો, દૂધસાગર ડેરીના સ્થાનિક વેટરનરી ડૉક્ટરની સેવા લેવી જોઈએ.

**૪. ફૂટ એન્ડ માઉથ ડિસીઝ (FMD – મોં પગનો રોગ)**

આ રોગ શરૂ થવાના પ્રારંભિક તબક્કે પશુના મોં અને ખૂરમાં ચાંદા પડી જવા તથા મોં માંથી લાળ ટપકવાની શરૂઆત થાય છે. આ સાથે, પશુને લંગડાપણું - તાવ - અને દૂધ ઉત્પાદનમાં દેખીતો ઘટાડો જણાય છે.

વાયરસ દ્વારા થતો આ એક એવો ચેપી રોગ છે જે ચોમાસાના ભીના વાતાવરણમાં ઝડપથી ફેલાય છે.

આ રોગ દરમ્યાન ૨% બોરિક એસિડનું દ્રાવણ બનાવી પશુના મોં અને ખૂર ધોવા જોઈએ. ફટકડીના પાણીથી ચાંદા સાફ કરવા જોઈએ અને લીમડાના પાનનું પેસ્ટ બનાવી ચાંદા ઉપર લગાવવું જોઈએ.

આ રોગ દરમ્યાન બિમાર પશુને બીજા પશુઓથી અલગ રાખવું જોઈએ જેથી ચેપ ના ફેલાય. આ રોગથી પશુને મુક્ત રાખવા દર છ માસે પશુને નિયમીત FMD રસીકરણ કરાવવું જોઈએ અને પશુ ચિકિત્સકની સલાહ લેવી જોઈએ.

**૫. કૃમિનો ઉપદ્રવ (Worm Infestation) :**

પશુનું વજન અચાનક ઘટી જાય અને તે ખાવાનું મૂકી દે તથા ઝાડા, નબળાઈ અને તાવની અસર દેખાય તો પશુ કૃમિના રોગથી સંક્રમિત થયું છે તેમ માની શકાય.

ભીના ઘાસ કે દૂષિત પાણી દ્વારા પરોપજીવી કૃમિનું સંક્રમણ ફેલાય છે.

આ સંક્રમણને દૂર કરવા ૧૦૦ ગ્રામ અજમાને ગરમ પાણીમાં ભેરવીને પશુને પીવડાવવું જોઈએ. આ સાથે, ૨૦ થી ૩૦ ગ્રામ લીમડાના બીજનો પાવડર ખોરાક સાથે ભેળવી પશુને આપવો જોઈએ.

આ રોગના નિવારણ માટે દર ત્રણથી ચાર મહિને પશુ ચિકિત્સકની સલાહ મુજબ પશુને કૃમિનાશક દવા આપવી જોઈએ તેમજ ગમાણ તથા પશુના રહેઠાણની આજુબાજુની જગ્યાએ સાફ સફાઈનું ધ્યાન રાખી દૂષિત પાણીથી પશુને દૂર રાખવું જોઈએ.


ચોમાસા દરમ્યાન થતા ઉપરોક્ત પશુ રોગોનું મુખ્ય કારણ સાફ સફાઈનો અભાવ, ગંદા પાણીનો ભરાવ અને રસીકરણ પ્રત્યેની ઉદાસી જવાબદાર હોય છે તેથી નિયમીત પણે પશુઓની તંદુરસ્તીનો ખ્યાલ રાખી દૂધસાગરડેરીના વેટરનરી વિભાગની સલાહ પ્રમાણે પશુનું સ્વાસ્થ્ય જળવાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

# ONE NATION - ONE ELECTION

## એક દેશ - એક ચૂંટણીને સાગર સમર્થન




આઝાદ ભારતમાં લોકશાહી પધ્ધતિથી ચાલતી શાસન વ્યવસ્થા સમગ્ર વિશ્વમાં પોતાના બંધારણની સૌથી આગવી અને અનોખી સુવાસ ફેલાવી રહી છે. પરંતુ, આ શાસન વ્યવસ્થાની સ્થાપના માટે યોજવી પડતી ચૂંટણીઓ અંગેનો ખર્ચ આપણા દેશના બજેટના મોટા ભાગને આર્થિક ભારણ આપે છે. રોજબરોજ અનેક રાજ્યોમાં નાની- મોટી ચૂંટણીઓ ચાલ્યા જ કરે છે. જેના પરિણામે વિવિધ રાજકીય પક્ષો વચ્ચેની હૂતાતુંસી રોજબરોજ ચરમસીમાએ હોય છે. અને, પરિણામ સ્વરૂપ ચૂંટાયેલી સરકારો અને વિપક્ષ વિકાસમાં ભાગીદારી નોંધાવાની જગ્યાએ ચૂંટણીના હાર-જીત ના સમીકરણોમાં અટવાયેલી રહે છે અને દેશના વિકાસ માટે તેને મળેલ ઉત્તમ સમય ગુમાવી દે છે. લોકશાહી પધ્ધતિથી ચાલતી ભારતની શાસન વ્યવસ્થાને જીવંત રાખવી ખૂબ જરૂરી છે. પણ, વિવિધ રાજ્યોમાં અલગ અલગ સમયે યોજાતી ચૂંટણીઓ આપણા જેવા વિકાસશીલ દેશને પોસાય તેમ નથી. દેશના બુધ્ધિજીવી લોકો અને ચિંતકો આ બાબતે વર્ષોથી ONE NATION - ONE ELECTION (એક દેશ એક ચૂંટણી) નો ઉત્તમ વિચાર પ્રગટ કરી રહ્યા છે. ભારતની કેન્દ્ર સરકાર આ વિચારને વાસ્તવિક રૂપ આપવા માટે કટિબધ્ધ બની છે ત્યારે, સમગ્ર દેશમાં વર્તમાન સમયે આ માટે નાગરિકોના અભિપ્રાય લેવાનું ભગીરથ કાર્ય ચાલી રહ્યું છે. મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (દૂધસાગર ડેરી) દ્વારા પોતાના કાર્યક્ષેત્રની તમામ દૂધ મંડળીઓ તથા સંલગ્ન સંસ્થાઓ તેમજ દૂધસાગરના કર્મચારીઓની શાખ અને પુરવઠા મંડળી (સહયોગ) એ તમામ પશુપાલકો અને સંસ્થાના કર્મચારીઓ વતીથી એક દેશ - એક ચૂંટણી વિચારધારાને વાસ્તવિક બનાવી દેશ પરનું આર્થિક ભારણ ઘટે, સામાજિક સૌહાર્દનું વાતાવરણ જળવાય તથા ચૂંટાયેલી સરકારો પોતાના કાર્યકાળ દરમ્યાન મુક્તપણે દેશ વિકાસના કાર્યોને વેગ આપી શકે તેવા આશયથી ઠરાવો કરી સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને MD શ્રી. ધીરજકુમાર દ્વારા મહેસાણા જિલ્લા રજીસ્ટાર શ્રી. એસ.એન. ઝાલાને સુપ્રત કર્યા હતા.



## આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ અન્વયે

# દૂધસાગરની લીલુડી ધરા ઉપર ઉજવાયો વિશ્વ યોગ દિવસ



યોગ એ ભારતે વિશ્વને આપેલી અણમોલ ધરોહર છે. આજના યુગમાં યોગ સ્વસ્થ જીવન માટે ખૂબ જરૂરી છે. યોગનું મહત્વ આજે સમગ્ર જગત સ્વીકારી ચૂક્યું છે. અને, ભારતના પ્રધાન મંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી યોગના મહત્વને યુનો પણ સમજી શક્યું હોવાથી વર્ષના સૌથી મોટા લાંબા દિવસ એટલે કે ; તા. ૨૧ જૂનને સમગ્ર વિશ્વએ યોગ દિવસના રૂપમાં અપનાવી લીધો છે. આ વર્ષના વિશ્વ યોગ દિવસે ભારત સહિત વિશ્વના તમામ દેશોના લોકોએ યોગ કરી એક અર્થમાં ભારતીય સંસ્કૃતિની ઉપાસના કરી છે. ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે ઉત્તર ગુજરાતની પાવનધરા વડનગર ખાતે મુખ્યમંત્રી શ્રી. ભુપેન્દ્રભાઈ પટેલના સાનિધ્યમાં વિશ્વ યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યામાં દૂધસાગર ડેરીના કર્મચારીઓ, પશુપાલકો, MIDFT ના વિદ્યાર્થીઓ, મોતીભાઈ આર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલના કર્મચારીઓ અને બાળકો સહિત સૌએ એક સાથે યોગ કરી આ દિવસ પ્રત્યે પોતાની આસ્થા અને શ્રદ્ધા વ્યક્ત કરી હતી. તો બીજી તરફ, મહેસાણા દૂધસાગર ડેરી તથા તેના તમામ એકમો હારીજ, પાટણ, ખેરાલું, જગુદણ, વિહાર, કડી, ઉબખલ સહિત દૂધમાનસાગર ડેરી અને દૂધ મોતીસાગર ડેરીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ એક સાથે વહેલી સવારે યોગ કરી આ પવિત્ર દિવસની ઉજવણી કરી હતી. મહેસાણા દૂધસાગર ડેરીની લીલુડી પવિત્ર ધરા ઉપર દૂધસાગર ડેરીના કર્મચારીઓએ તા.૨૧ જૂનના રોજ સૂર્યોદય સમયે ફેક્ટરી વિભાગના બગીચામાં કે જ્યાં આ સંસ્થાના સ્થાપક સ્વ. શ્રી. માનસિંહભાઈ પટેલ અને સ્વ.શ્રી. મોતીભાઈ ચૌધરીના સ્ટેચ્યું આવેલા છે તે પવિત્ર જગ્યાએ યોગ નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ વિવિધ યોગ કરી દૂધસાગર વતીથી આ દિવસની ઉજવણીમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી.

# મહેસાણા જિલ્લા સહકારી સંઘ દ્વારા વિવિધ મંડળીઓનો સેમિનાર યોજાયો



તાજેતરમાં મહેસાણા જિલ્લા સહકારી સંઘ દ્વારા આ જિલ્લાની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને સેવા સહકારી મંડળીઓ અને તે સિવાય જિલ્લામાં ચાલતી વિવિધ સહકારી મંડળીઓનો સેમિનાર યોજવામાં આવ્યો હતો.

ભારત સરકારના સહકારી ક્ષેત્રને નવેસરથી સૂસજ્જ કરવાના ભાગરૂપે કાર્યરત કરવામાં આવેલા સહકાર મંત્રાલયના સ્થાપક ભારતના વડાપ્રધાન શ્રી. નરેન્દ્રભાઈ મોદી અને પ્રથમ સહકાર મંત્રી શ્રી. અમિતભાઈ શાહના વિઝનને વાસ્તવિક બનાવવા અને તમામ સહકારી મંડળીઓ બીજી સહકારી મંડળીઓથી નાણાંકીય વ્યવહાર કરે અને એક બીજાના પૂરક બને તે માટે આવા સેમિનાર આયોજીત કરવામાં આવી રહ્યા છે. સહકારી મંડળીઓના સંચાલકો સહકારના આ ક્ષેત્રનું ફરીથી મૂલ્યાંકન કરતા થાય અને સહકાર થકી સમૃદ્ધિના વિચારને પોત પોતાના કાર્યક્ષેત્રમાં જીવંત કરે અને છેવાડાના માણસને સહકારી માળખાનો લાભ મળતો થાય અને વધુમાં વધુ લોકો સહકારી ક્ષેત્ર સાથે જોડાય તથા સહકારી ક્ષેત્રમાં પારદર્શિતા - પવિત્રતા અને કરકસરયુક્ત વહિવટ સ્થપાય તે માટે સૌએ ઉપરોક્ત સેમિનારમાં મનોમંથન કરી પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ કેન્દ્ર સરકારની સહકાર થકી સમૃદ્ધિ મેળવવાની પવિત્ર કવાયતને બિરદાવતાં પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રીશ્રી. અમિતશાહના માર્ગદર્શન હેઠળ સહકારી ક્ષેત્રને વધુમાં વધુ સરળ અને ભોગ્ય બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ગુજરાતનું સહકારી માળખું આઝાદીના સમયથી સમગ્ર દેશ અને વિશ્વ માટે ઉત્તમ મોડેલ સમાન રહ્યું છે ત્યારે, નવા સ્થાપિત થયેલ સહકાર મંત્રાલયની ઉદારતાનો વધુમાં વધુ લાભ મહેસાણા જિલ્લા સાથે જોડાયેલી સહકારી મંડળીઓ મેળવે તેવી અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે મહેસાણાના સાંસદ શ્રી. હરિભાઈ પટેલ, મહેસાણાના ધારાસભ્ય શ્રી. મુકેશભાઈ પટેલ, મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી. ગિરીશભાઈ રાજગોર, ડિસ્ટ્રીક્ટ બેન્કના ચેરમેનશ્રી. વિનોદભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના પ્રમુખ શ્રી. રાજેન્દ્રભાઈ પટેલ સહિત આપણી દૂધસાગર સંસ્થાના ચેરમેનશ્રી. અશોક ચૌધરી અને મોટી સંખ્યામાં સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સહકારી ક્ષેત્રે નવા યુગનો આરંભ

## સહકારના વિજ્ઞાનને સમજવા તથા વિજ્ઞાનનો સહકારમાં સમાવેશ કરવા ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનો પ્રારંભ થશે



**પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રીશ્રી. અમિતભાઈ શાહે દીર્ઘદષ્ટિથી લીધેલો આ નિર્ણય સહકારી ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન લાવશે.**

ભારતની સૌપ્રથમ સહકારી સંસ્થા ૧૯૮૯ માં વડોદરામાં અન્યોન્ય સહકારી મંડળી તરીકે શરૂ થઈ હતી. એજ પ્રકારે દેશની સૌ પ્રથમ સહકારી યુનિવર્સિટી ગુજરાતના આણંદ ખાતે શરૂ થઈ રહ્યું છે. તેનું શ્રેય પણ ગુજરાતને જાય છે. સહકારી ક્ષેત્રની સ્વતંત્ર યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય દૂરગામી પરિણામો લાવશે. પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રીશ્રી. અમિતભાઈ શાહે દીર્ઘદષ્ટિથી લીધેલો આ નિર્ણય સહકારી ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન લાવશે. એનાથી સહકારી ક્ષેત્રમાં એક નવી દિશા, નવા આયામો અને નવા લક્ષ્યાંકોનું સર્જન થશે. આણંદની ઈન્ટિસ્ટયૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટને ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનું નામ આપીને આ શૈક્ષણિક સંસ્થાને રાષ્ટ્રીય સ્તરની મહત્વની શૈક્ષણિક સંસ્થાનો વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો છે.

દેશની આ સૌપ્રથમ યુનિવર્સિટી છે જેમાં સહકારી ક્ષેત્રને લગતા વિવિધ વિષયોનું પધ્ધતિસરનું શિક્ષણ, તાલીમ અને સંશોધન કાર્ય થશે. સહકારી ક્ષેત્રના વિકાસ માટે જે જે કરવું જોઈએ તે આ યુનિવર્સિટી કરશે. તેમાં સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ડેરી, મત્સ્ય, ખાંડ, બેન્કિંગ, ગ્રામિણ સહકારી પ્રવૃત્તિઓ અને મલ્ટિસ્ટેટ કો-ઓપ.સોસાયટીઓનો વિકાસ કેવી રીતે કરવો તેના માટે આ યુનિવર્સિટી કાર્યરત રહેશે. દેશને સહકારથી સમૃદ્ધિ તરફ લઈ જવા તેમજ સહકારી પ્રવૃત્તિનો વધારે સારો વિકાસ કેવી રીતે થાય તે માટેના અભ્યાસો, પ્રયોગો અને અવલોકનો અહીં થશે. ગ્રામ્ય સ્તરથી લઈને રાષ્ટ્રીય ચિંતન - મનન થશે. આધુનિક ટેક્નોલોજી, AI, મશીન લર્નિંગ જેવા અધતન વિષયોને તેમાં સાંકળી લેવામાં આવશે. આ યુનિવર્સિટીને "ત્રિભુવન સહકારી યુનિવર્સિટી" નામ આપીને ગુજરાતના સહકારી આગેવાન ત્રિભુવનભાઈ પટેલને સાચી શ્રધ્ધાંજલિ આપવામાં આવી છે.

ટૂંક સમયમાં રાષ્ટ્રપતિ દ્વારા આ યુનિવર્સિટીનો શિલાન્યાસ થશે. આ ત્રણ સંસ્થા માનવસર્જિત ક્ષમતા વધારીને કુશળ વ્યવસાયિકોની જરૂરિયાત પૂરી કરશે. સહકારી ક્ષેત્રના કર્મચારીઓ અને બોર્ડના સભ્યોની ક્ષમતા નિર્માણના પડતર મુદ્દાઓ ઉકેલાશે. દેશભરમાં એક વ્યાપક - સંકલિત અને અસરકારક માળખું ઉભું થશે. જેમાં વ્યવસ્થાપક, વહિવટ, સુપરવાઈઝરી, ટેકનિકલ અને ઓપરેશનલ જેવી વિવિધ શ્રેણીની નોકરી માટે લાયકાત ધરાવતા માનવબળનો ગુણવત્તાયુક્ત પૂરવઠો સુનિશ્ચિત કરી શકાશે. દૂધસાગર કેન્દ્ર સરકારના આ નિર્ણયને આવકારે છે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા